# રાજ્યમાં એક્ટિવ કેસ ૧૨ હજારને પાર, નવા ૧૦૭૮ કેસ

## રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ કેસ ૫૨ હજારને પાર, કુલ મૃત્યુઆંક ૨૨૫૭ પહોંચ્યો : સુરત ખાતે ૨૫૬ કેસ

ગાંધીનગર, તા.૨૩

રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો હજારને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૫૪૧૭ કોરોના ટેસ્ટ કરવામાં આવતા ૧૦૭૮ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૫૨ હજારને પાર થઈ ૫૨૫૬૩ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૮ દર્દીઓના મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૨૫૭ થયો છે. રાજ્યમાં ૭૧૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.આ સાથે કુલ ૩૭૯૫૮ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૨૩૪૮ છે. જેમાં ૮૯ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૧૨૨૫૯ દર્દીઓ સ્ટેબલ છે.રાજ્યમાં કોરોના પોઝીટીવના દૈનિક કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.રાજ્યના ૮ કોર્પોરેશન અને ૩૧ જીલ્લામાં કોરોના પ્રસર્યો છે.આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ રાજ્યમાં ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૨૮ દર્દીઓના મોત નોંધાયા છે.

સુરત કોર્પોરેશનમાં ૧૦ અને જીલ્લામાં ૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૪ અને જીલ્લામાં ૧, કચ્છ,પાટણ અને વડોદરા કોર્પોરેશનમાં ૨,ભાવનગર કોર્પોરેશન બોટાદ અને મોરબીમાં ૧ મોત નોંધાયા છે.અમદાવાદ શહેરમાં ૧૮૭ અને ગ્રામ્યમાં ૨૩ સાથે ૨૧૦ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાનો કુલ આંકડો ૨૪૯૭૪ થયો છે.આજે વધુ ૫ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૫૬૧ થયો છે.સુરત શહેરમાં ૧૮૧ અને ગ્રામ્યમાં ૭૫ સાથે કુલ ૨૫૬ કેસ નોંધાયા છે.

આ સાથે કોરોનાનો કુલ આંકડો ૧૦૫૨૦ થયો છે.આજે વધુ ૧૪ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૧૩ થયો છે.વડોદરા શહેરમાં ૭૧ અને ગ્રામ્યમાં ૧૧ સાથે કુલ ૮૨ કેસ નોંધાયા છે.આ સાથે કોરોનાનો કુલ આંકડો ૩૮૨૨ થયો છે.આજે વધુ ૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૮૬ થયો છે.ગાંધીનગર શહેરમાં ૯ અને ગ્રામ્યમાં ૨૨ સાથે કુલ ૩૧ કેસ નોંધાયા છે અને કુલ આંકડો ૧૧૮૧ થયો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫,૯૨,૧૨૩ ટેસ્ટ કરવામાં આવ્યાં છે.રાજ્યમાં નવા દર્દીઓની સંખ્યાનું પ્રમાણ ૧૨મા ક્રમે છે અને એક્ટિવ કેસો માં ૮મા ક્રમે છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૪,૩૧,૮૨૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૪,૩૦,૦૧૪ વ્યક્તિઓ હોમક્વોરન્ટાઈનમાં અને ૧૮૦૯ ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યાં છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૫૧૬૭ | ૧૫૬૬ | ૧૯૯૦૧ |
| સુરત | ૧૦૭૯૪ | ૩૨૯ | ૭૩૭૪ |
| વડોદરા | ૩૯૦૨ | ૬૨ | ૩૨૨૨ |
| રાજકોટ | ૧૨૧૦ | ૨૦ | ૪૩૮ |
| ભાવનગર | ૧૦૭૦ | ૨૦ | ૬૪૭ |
| ગાંધીનગર | ૧૩૪૨ | ૭૧ | ૮૭૪ |
| કચ્છ | ૩૯૮ | ૧૨ | ૨૨૯ |
| મહેસાણા | ૬૭૦ | ૧૫ | ૨૬૫ |
| ગીર-સોમનાથ | ૨૪૭ | ૦૫ | ૫૯ |
| પોરબંદર | ૩૫ | ૦૨ | ૨૭ |
| પંચમહાલ | ૩૫૪ | ૧૬ | ૨૪૨ |
| પાટણ | ૪૩૬ | ૨૩ | ૨૯૫ |
| છોટાઉદેપુર | ૧૧૨ | ૦૨ | ૭૬ |
| જામનગર | ૫૩૨ | ૧૧ | ૨૬૭ |
| મોરબી | ૧૬૪ | ૦૫ | ૧૦૬ |
| સાબરકાંઠા | ૩૪૦ | ૦૮ | ૨૨૨ |
| આણંદ | ૩૮૬ | ૧૩ | ૩૩૯ |
| દાહોદ | ૩૫૨ | ૦૫ | ૬૦ |
| ભરૂચ | ૬૮૧ | ૧૧ | ૪૨૦ |
| બનાસકાંઠા | ૫૧૮ | ૧૬ | ૩૭૭ |
| ખેડા | ૪૯૦ | ૧૪ | ૩૪૪ |
| બોટાદ | ૧૮૧ | ૦૫ | ૧૨૪ |
| નર્મદા | ૨૧૧ | ૦૦ | ૧૧૦ |
| અરવલ્લી | ૨૮૧ | ૨૪ | ૨૩૭ |
| મહીસાગર | ૨૫૪ | ૦૨ | ૧૪૩ |
| નવસારી | ૪૧૭ | ૦૬ | ૨૬૦ |
| તાપી | ૧૦૨ | ૦૦ | ૬૨ |
| વલસાડ | ૪૮૮ | ૦૫ | ૩૧૨ |
| જૂનાગઢ | ૬૫૭ | ૦૯ | ૪૩૪ |
| સુરેન્દ્રનગર | ૫૩૫ | ૦૮ | ૨૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૩૪ | ૦૩ | ૨૬ |
| ડાંગ | ૦૯ | ૦૦ | ૦૭ |
| અમરેલી | ૨૬૫ | ૦૯ | ૧૬૧ |
| કુલ | ૫૨૫૬૩ | ૨૨૫૭ | ૩૭૯૫૮ |

# બનાસકાંઠા જિલ્લામાં નવા ૩૧ કેસ નોંધાયા

### સાબરકાંઠામાં કોરોનાના ચાર કેસ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪ કેસ નોંધાયા છે જેમાં હિંમતનગર તાલુકામાં બે, ઈડરમાં એક તથા હિંમતનગર શહેરમાં વધુ એક કેસ ઉમેરાયો છે.

આ અંગેની વિગત એવી છે કે છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે બુધવારે સાંજે પાંચ વાગ્યાથી ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોરોનાના જે વધુ ચાર કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર તાલુકાના ઈલોલ ગામના ૭૦ વર્ષીય મહિલા, બીલપણ કંપામાં ૫૪ વર્ષીય પુરૂષ તથા હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ અને ઈડરના શહેરી વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંકડો ૩૩૨ થયો છે. જો કે તે પૈકી ૨૩૮ને રજા આપી દેવાઈ છે. હિંમતનગરમાં અત્યાર સુધી સૌથી વધુ એટલે કે ૧૫૦ કેસ નોંધાઈ ચુક્યા છે. જ્યારે પ્રાંતિજમાં ૭૧, ઈડરમાં ૪૩, તલોદમાં ૨૬, વડાલીમાં ૧૭, ખેડબ્રહ્મામાં ૧૨, પોશીનામાં ૪ અને વિજયનગરમાં ૯ કેસ નોંધાઈ ચૂક્યા છે.

કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધી રહ્યું છે : પાલનપુર ૫, દાંતા૬, અમીરગઢ ૧, વડગામ ૨, દિયોદર-૬, ભાભર-૧, ઢીમા-૩, ભાટવર-૨, ખાડોલ-૩, ઈઢા-૧, ધનોધર-૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૬૨૫ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ગંભીર હદે વધી રહ્યું છે. દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં ગુરુવારે નવા ૩૧ કેસ નોંધાયા હતા. પાલનપુર ૫, દાંતા૬, અમીરગઢ ૧, વડગામ ૨, દિયોદર-૬, ભાભર-૧, ઢીમા-૩, ભાટવર-૨,ખાડોલ-૩, ઈઢા-૧, ધનોધર-૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યાએ છઠ્ઠી સદી મારી છે. કુલ પોઝિટિવ દર્દીઓનો આંક ૬૨૫ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે.આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પોઝિટિવ આવેલા દર્દીઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પાલનપુરમાં આજે વધુ પાંચ કેસ નોધાતા લોકોમાં ફફડાટ

### પાલનપુર કલેક્ટર બહાર આવેલ પથિકાશ્રમને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો

વિશ્વભરમાં કોરોના મહામારી ને લઈને ફફડાટ છવાયો છે ત્યારે ગુજરાતમાં પણ દિન પ્રતિદિન કોરોના પોઝિટિવ કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે.ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ રોજે રોજના પંદર થી પચ્ચીસ કેસો સામે આવી રહ્યા છે.જીલ્લા મથક પાલનપુરમાં છેલ્લા ૨ દિવસથી જાણે કે પાલનપુર કોરોના મુક્ત હોય એમ કોઈ કેસ કાગળ ઉપર જોવા મળતા ન હતા પરંતુ આજરોજ પાલનપુરમાં વધુ પાંચ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. એવા સમયે પાલનપુર કલેક્ટર કચેરી બહાર આવેલ પથિકાશ્રમને બે બાજુથી પ્રવેશ બંધ કરીને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો છે.જેને લઈને લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.જોકે લોકમુખે ચર્ચાતી વાતોમાં પથિકાશ્રમમાં રસોઈ બનાવતા મહિલા સહિત બે વ્યક્તિઓને કોરોના પોઝિટિવ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

## સાબરકાંઠા જિલ્લા સમાહર્તાએ કોરોના પ્રતિકારક વર્ધક રથને લીલી ઝંડી આપી

### આ રથ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરી ૫૦ હજારથી વધુ તુલસી અને અડુસીના છોડવાઓનુ વિતરણ કરશે

હિંમતનગર, તા. ૨૩

સાબરાકાંઠા જિલ્લામાં ૭૧માં વનમહોત્સવ નિમિત્તે ૧૬.૫ લાખ રોપાઓનો ઉછેર અને વિતરણ કરવામાં આવ્યુ છે, છે. ગુરુવારે જિલ્લા સમાહર્તા સી.જે. પટેલે કોરોના પ્રતિકારક વર્ધક રથને કલેક્ટર કચેરીના પ્રાંગણમાંથી લીલી ઝંડીના પ્રતિક સમા લીલા પાનથી પ્રસ્થાન કરાવ્યું




પરંતુ હાલમાં કોરોના મહામારીથી રક્ષણ માટે આયુર્વેદિક ઔષધીઓ તુલસી અને અડુસી ખુબ જ ઉપયોગી હોઈ સામાજિક વનિકરણ વિભાગ દ્વારા ૫૦ હજારથી વધુ છોડવાઓનો ઉછેર કરી વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કોરોનાનો વ્યાપ વધી રહ્યો છે. આ પરીસ્થિતિમાં કોરોના સામે રક્ષણ મેળવવા અને રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે આયુર્વેદિક ઔષધીઓ ખુબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. ઔષધીઓ જિલ્લાના દરેક લોકોના ઘરે ઉછેર કરવામાં આવે, ઉપયોગ કરવામાં આવે તે ઉદ્દેશ્યથી સામાજિક વનિકરણ વિભાગ દ્વારા ૫૦ હજારથી વધુ ઔષધી તુલસી અને અડુસીના છોડવાઓનો ઉછેર કરવામાં આવ્યો છે. છોડ નરેગા નર્સરી હિંમતનગરની વક્તાપુર અને લાલપુર તેમજ વાવડી ખાતે ઉછેર કરવામાં આવ્યો છે. આ રથ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરે ઘરે ફરીને આ રોપાઓનુ વિતરણ કરશે સાથે કોરોનાથી બચવાનો સંદેશ આપશે. દરરોજ ગામેગામ ફરશે અને દરરોજના પાચ હજાર જેટલા છોડ મફત વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક અરવિંદ ગઢવી, પરીક્ષેત્ર વન અધિકારી જી.એ. ચૌધરી તેમજ ફોરેસ્ટર પ્રજ્ઞા ગોસ્વામી સહીત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.




સમયની તાતી જરૂરિયાત પર્યાવરણ માટે મોડાસા જાયન્ટસ જન જાગૃતી અને વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે હરિસિદ્ધિ સોસાયટી શ્યામનગર સરસ્વતી બાલ મંદિરમાં ટીમે વૃક્ષારોપણ કર્યુ હતુ. મહેમાન તરીકે હર્ષદભાઈ જોશી, આર.એફ.ઓ. સમાજિક વનિકરણ વિભાગ સિદ્ધાર્થભાઈ ચૌધરી હાજર રહી વૃક્ષોનુ જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. જાયન્ટસ ઝોન ઉપપ્રમુખ નિલેશ જોશી, મોડાસા જાયન્ટસ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવિણ પરમાર, ધર્મેન્દ્ર ત્રિવેદી, માજી પ્રમુખ સુરેશભાઈ સોની, ઉપપ્રમુખ વિનોદ આર. પટેલ, કિરણ પુજારા, નરેશભાઈ પારેખ જોડાયા હતા. મોડાસા સહિયારના નવ નિયુક્ત મંત્રી દર્શનીકાબહેનનુ સન્માન કરવામાં આવ્યું હતું.

### વધુ ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દંપત્તિને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ વૃદ્ધ દંપત્તિ કેવી રીતે સંક્રમિત થયુ તેને લઈ તંત્ર દ્વારા વિગતો મેળવવામાં આવી રહી છે.

સેક્ટર-૨ માં રહેતા કલોલ તાલુકાના જામળા ખાતે તલાટી તરીકે નોકરી કરતા ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તલાટી અને તેમના પરિવારના ૪ સભ્યોએ પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રએ તે મંજૂર પણ રાખેલ છે. વોડાફોન કંપનીમાં અમદાવાદ ખાતે નોકરી કરતા અને સે. ૬ માં રહેતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૮ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

અમદાવાદ કેન્સર હોસ્પિટલની મુલાકાત લેનાર સે. ૩ ની એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કુડાસણ ખાતેની એક ખાનગી કંપનીમાં નોકરી કરતા અને સે. ૧૪ માં રહેતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-એ-ન્યુ માં એક ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કોરોનાના કેસો જે રીતે વધી રહ્યા છે તે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકાને વધુ દૃઢ બનાવે છે. જો કે શહેરમાં રિકવરી રેટ ઘણો સારો રહ્યો છે જેથી તંત્રને થોડીક રાહત છે.

તંત્ર દ્વારા શહેરમાં ૬૦૦ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે તેમજ આઉટ સોર્સિંગથી નવા કર્મયોગીઓની ભરતી માટેની પણ કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

### આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓને કબજો પણ આપી દીધો છે. જયારે હજુ પણ ઓછી આવક ધરાવતા પરિવારો માટે ગુડાએ નવા આવાસો બાંધવા માટે તૈયારીઓ હાથ ધરી છે. જયારે પેથાપુર , વાવોલ અને સરગાસણમાં નવા આવાસો બાંધવા માટે જગ્યા પણ આખરી કરી દેવામાં આવી છે. જયારે જગ્યાના કબજા માટેના ઈસ્યુ પણ ટુંકમાં સોલ્વ થઈ જશે જયારે ટુંકમાં જ આવાસોના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. નવા આવાસોના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૮૦ કરોડનો ખર્ચ કરાશે. ગુડા દ્વારા નવા ૨૧૦૦ આવાસો તૈયાર કરવાનો નિર્ણય લેવાતા આવાસ ઈચ્છુક અરજદારોને પણ ન્યાય મળશે.

### ૩૦ સેકન્ટમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ફ્લાઈટમાં ઈઝરાયેલ દ્વારા વિકસિત કરવામા આવેલી ટેકનોલોજી ભારત લાવવામા આવશે. ભારતને મેકેનિકલ વેન્ટિલેટર આપવા માટે ઈઝરાયેલની સરકારે ખાસ મંજૂરી આપી છે. આવનારા અમુક અઠવાડિયાઓમાં ઈઝરાયેલનું વિદેશ મંત્રાલય, સ્વાસ્થ્ય મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય ભારતમાં કોરોના સામેની લડાઈ માટે સહભાગી બનશે. એમ્બેસીએ જણાવ્યું કે જ્યારથી મહામારી શરૂ થઈ છે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુ વચ્ચે ત્રણ વખત વાતચીત થઈ છે.

### આશા નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહેલી દુનિયાની પહેલી સંભવિત કોરોના વેક્સીનના પરિણામ અત્યાર સુધી ઘણાં સારા રહ્યા છે. આ બધા વચ્ચે ડબલ્યુએસઓએ કહ્યું છે કે દુનિયાભરમાં રિસર્ચર કોરોનાની વેક્સીન બનાવવા માટે ઘણી જ મહેનત કરી રહ્યા છે, જેમાંથી કેટલાક રિસર્ચ કરીને વેક્સીન અંતિમ સ્ટેજમાં ટ્રાયલ કરવામાં આવી રહી છે, પરંતુ લોકો વેક્સીન બજારમાં ૨૦૨૧ પહેલા આવે તેવી આશા ના રાખે. ડબલ્યુએસઓએ કહ્યું કે, તેઓ કોરોના વેક્સીનની દુનિયાભરમાં પ્રામાણિકતાથી વહેંચણી સુનિશ્ચિત કરવાની કોશિશ કરવામાં આવશે, ત્યાં સુધી કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું રોકવા માટેનો ઉપાય છે એકમાત્ર બચત છે. જો ભારતના વૈજ્ઞાનિકોનું માનીએ તો કોરોના વેક્સીન જલદી બની પણ ગઈ તો પણ ભારતની ૬૦-૭૦% વસ્તીને રસી આપતા ઓછામાં ઓછા ૨ વર્ષનો સમય લાગશે, દેશના લોકોમાં કોરોના વાયરસની હર્ડ ઈમ્યુનિટી સુનિશ્ચિત કરવામાં ઓછામાં ઓછી ૭૦% વસ્તીમાં રોગ પ્રતિકારક ક્ષમતા વિકસીત થવી જરુરી છે.

### ૧૮૭૬ કેસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે કોરોના કેસોના આંકડા જાહેર કર્યા હતા. જેના પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૫ હજાર ૭૨૦ કેસ સામે આવ્યા છે. સાથે જ ૧,૧૩૦ લોકોના મોત થયા છે. આ પ્રકારે દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૩૮ હજાર ૬૩૫ થઈ ગઈ છે. જેમાં ૪ લાખ ૨૬ હજાર ૧૬૭ કેસ સારવાર હેઠળ છે.સાથે જ ૭ લાખ ૮૪ હજાર ૨૬૭ દર્દીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી ૨૯ હજાર ૮૬૧ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૦,૫૭૬ કેસ મળ્યા છે. આ એક દિવસનો સૌથી મોટો આંકડો છે. રિકવરી રેટમાં દિલ્હી સૌથી આગળ ૮૪.૮૩ ટકા જયારે લદાખમાં ૮૪.૩૧ ટકા થયો છે. દરમ્યાનમાં, કેસો વધતાં તકેદારીના પગલારૂપે મણિપુરમાં ગુરુવારે બપોરે ૨ વાગ્યાથી ૧૪ દિવસનું લોકડાઉન લાગશે. ભોપાલમાં ૨૪ જુલાઈની રાતે ૮ વાગ્યાથી ૧૦ દિવસનું લોકડાઉન લગાવાશે. મધ્યપ્રદેશના એક કેબિનેટ મંત્રી કોરોના પોઝિટિવ થયા છે. જો કે, તેમનું નામ સામે આવ્યું નથી. બુધવારે તેઓ કેબિનેટ મીટિંગમાં પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત તે લખનઉમાં લાલજી ટંડનના અંતિમ સંસ્કારમાં પણ સામેલ થયા હતા. મંત્રીને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે.

દુનિયાના લોકો કોરોનાથી ડરે છે. ત્યારે ભારતની સ્થિતિ પણ કંઈક એવી જ છે. કોરોનાના રોજેરોજ કેસોમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ ભારતમાં કોરોનાના કેસોમાં વધારાની સાથે સાથે રીકવરીમાં પણ વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં કોરોનાના વધતા કેસો સામે રીકવરી રેટ ૬૩ ટકાએ પહોચી ગયો છે. જે ભારત માટે એક રીહત સમાન કહી શકાય કોરોનાથી ડરવાની જરૂર નથી ફકત કોરોના માટે કાળજી રાખવાની જરૂર છે. કોરોનાના કેસોમાં રિકવરી રેટ વધતા તેને એક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે.

### વાજબી નથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવવાનો છે, તેથી સુનાવણી ટાળી શકાય છે. સિબ્બલનો જવાબમાં ધારાસભ્યો પક્ષની બેઠકમાં હાજર રહ્યા ન હતા. તે પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે. તેઓએ ઈન્ટરવ્યુ લીધું કે તેઓ ફ્લોર ટેસ્ટ માંગે છે. તેઓ હરિયાણાની એક હોટલમાં છે. તેઓ પોતાની એક અલગ પાર્ટી બનાવવાનું વિચારી રહ્યા છે, તેઓ રાજ્યની હાલની સરકારને પથારવા માગે છે. અદાલતે સ્પીકર સાથે અરજ કરી રહેલા કપિલ સિબ્બલને સવાલ કર્યો હતો કે, જો સ્પીકરને ગેરલાયક ઠરાવવામાં આવે છે અને અરજી ધારાસભ્યોની કોર્ટમાં પેન્ડિંગ છે, તો શું કોર્ટ દખલ કરી શકે છે? તેના જવાબમાં કપિલ સિબ્બલે કહ્યું કે અદાલતને આવા કેસમાં દખલ કરવાનો અધિકાર છે કારણ કે વક્તાએ નિર્ણય લીધો છે. નિર્ણય લેતા પહેલા સ્પીકર પર પ્રતિબંધ મૂકવો ખોટું છે. સુપ્રીમ કોર્ટમાં સ્પીકર માટે હાજર રહેલા કપિલ સિબ્બલે ૨૮ વર્ષ જુના ૧૯૯૨ ના કીહોટો હોલોહાન કેસનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હાઈકોર્ટે સ્પીકર ઉપર જે પ્રકારનો સંયમ લગાવ્યો છે તે વાજબી નથી.

### લાભ મળશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રના આ આદેશ બાદ ટૂંક સમયમાંજ પરમેનન્ટ કમિશન સિલેક્શન બોર્ડ દ્વારા મહિલા અધિકારીઓની ભરતી કરાશે. આ માટે લશ્કરના વડામથક દ્વારા કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. સિલેક્શન બોર્ડ દ્વારા પણ તમામ એસએસસી મહિલાઓ તરફથી ઓપ્શન્સ અને તમામ દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કરી દેવાશે અને કાર્યવાહી શરૂ કરાશે. જો કે આ નિમણૂક કોમ્બેટ ઓપેરશનમાં નહીં થાય, સુપ્રીમ કોર્ટે પણ તેના ઓર્ડરમાં આ બાબતને અલગ રાખી હતી. ભારતીય લશ્કર દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે આર્મી દેશની તમામ મહિલા અધિકારીઓને દેશની સેવા કરવાની તક આપવા તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે સ્થાયી કમિશનને લઈને લાંબા સમયથી માગણી કરવામાં આવી રહી હતી. સુપ્રીમ કોર્ટે આ કેસમાં સુનાવણી કરી હતી, સર્વોચ્ચ ન્યાયાલયે કેન્દ્ર સરકારને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટે આ કમિશન રચવા ત્રણ મહિનાનો સમય કેન્દ્રને આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં સ્થાયી કમિશન અંગેન ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

## મોડાસામા ૭ વર્ષની બાળકીએ શ્રાવણ માસની પૂજા કરવા ઘરે જ માટીનું શિવલીંગ બનાવ્યું

મોડાસા, તા. ૨૩

કહેવાય છે કે 'શ્રદ્ધા હોય ત્યાં પુરાવાની જરૂર નથી હોતી' આ વાક્યને મોડાસાની ૭ વર્ષની બાળકી પાવકી શર્માએ સાર્થક કર્યુ છે. સમગ્ર વિશ્વ આજે કોરોના મહામારીમા સપડાઈ ગયું છે. મોડાસા



શહેરમા પણ કોરોનાના કેસોમા દિવસે દિવસે વધારાની સાથે મૃત્યુદરમા પણ વધારો જોવા મળી રહ્યો છે. જેને કારણે કેટલાક મંદિરોમાં શ્રાવણ માસમા પ્રવેશબંધી કરવામાં આવી છે, ત્યારે મોડાસા શહેરની પાંડુરંગ સોસાયટીમા રહેતા અને મેઘરજ તાલુકાની એક પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક પ્રજ્ઞેશકુમાર શર્માની ૭ વર્ષીય પુત્રી પાવકી શર્માએ શ્રાવણ માસમાં ભગવાન શિવજીની પૂજા અર્ચના કરવા માટે ઘરે જ માટીના શિવલિંગની સ્થાપના કરીને ભગવાન શિવજીને બીલીપત્ર ચડાવીને રોજ પુજા અર્ચના કરે છે. કોરોના મહામારીમાં નાની બાળકી પાવકી શર્મા દ્વારા થતું શ્રાવણ માસનું આ પૂજા કાર્ય અન્ય માટે પણ ઉદાહરણ રૂપ છે.

### કવાયત આરંભાઈ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસ્તી ગણતરીને આધારે વોર્ડ-રચના કરવામાં આવશે પરંતુ તેમાં મતદારોની સંખ્યામાં ઘણા વોર્ડમાં વધારે હશે તો ક્યાંક ઓછી પણ હશે.

ગાંધીનગર શહેરમાં ૧૮ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તાર ભેળવવામાં આવ્યા છે. સરકારે મનપામાં વોર્ડની સંખ્યા ૧૧ નિયત કરી અને તે અંગેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દીધુ છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર વોર્ડ-રચનાની દરખાસ્ત મળ્યા બાદ તે અંગેના નિયમોનું તેમજ રોટેશન સહિતના વિવિધ પાસાંઓ જળવાયા છે કે નહિ તે પછી રાજ્ય ચૂંટણીપંચ તે અંગેનું પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ લોકો પાસેથી વાંધા સૂચનો માંગશે. આ પછી મળેલા વાંધા-સૂચનો સાંભળી તેમાં કેટલા ગ્રાહ્ય રાખવા તે અંગે પંચ દ્વારા આખરી નિર્ણય કરી આખરી જાહેરનામુ વોર્ડ રચના અંગેનું પ્રસિદ્ધ થશે.

જો કે હાલ તો મનપાની ચૂંટણીને લઈ ભાજપ કોંગ્રેસ પોત પોતાની વ્યુહરચના તૈયાર કરવામાં વ્યસ્ત બન્યા છે. ભાજપના જ કેટલાક આગેવાનો વોર્ડ રચનાને લઈ કામે લાગી ગયાનું અને આ બાબતે અધિકારીઓ સાથે માર્ગદર્શન માટે બેઠકો પણ કરી રહ્યા હોવાની વાતોએ રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. મનપાએ હજુ આ દિશામાં માત્ર પ્રાથમિક કવાયત ચાલુ કરી હોવાની વાતોથી પણ પાટનગરમાં રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

### વધુ ૨૯ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વધુ ૧૦ દર્દીઓ આજે રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ૧૮૯ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૨૪,૨૨૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.